# રાજનગર અને ગુરૂદેવ

☐ બચુભાઈ ચીમનલાલ ધારૂ.

અમદાવાદ, રાજનગર !

જ્યાં જૈનોના ઘણી આબાદી અને ઘણા જૈન ધર્મસંસ્થાનો. ધર્મ–ધુરંધર, પ્રકાંડ પંડિત પ્રવર જૈનાચાર્યોના પાદ કમળથી પાવન થતી આવી આ ભૂમિ.

વિસમી સદીમાં વિચરનારા જૈન શાસનના પ્રખર વિદ્વાન યોગી ઉત્કૃષ્ટ ત્યાગી ગુરુદેવ પ્રભુ શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજી મ૰નું નામ જગતપ્રસિદ્ધ છે. વિહાર કરતા તેઓ અમદાવાદ પધાર્યા અને સં. ૧૯૪૧નું ચોમાસું અમદાવાદમાં થયું.

એ વખતે વાઘણપોળના શ્રી મહાવીર સ્વામીજીના દેરાસરની પ્રતિષ્ઠા થઈ રહી હતી. મુહૂર્ત બરાબર ન જણાતાં પૂ. ગુરુદેવશ્રી એ પ્રતિષ્ઠા રોકવા જણાવ્યું છતાં ન માન્યું. ગુરુદેવશ્રીએ અગ્નિ-પ્રકોપની જાહેરાત કરી અને ભયંકર અગ્નિપ્રકોપ થયો. જે રાજ-નગરના તે વખતના વૃદ્ધો સારી રીતે જાણે છે.

રાજનગરના આંગણે (થિરપુર) થરાદ નગરના હજારો ભાઈ-બહેનો આજ નિવાસ કરી રહ્યા છે, થરાદ અત્યંત પ્રાચીન નગર છે, જ્યાં વર્ષોથી ત્યાંના નિવાસીઓ ત્રિસ્તુતિક સિદ્ધાન્તને માનનારા રહ્યા છે. જે લોકો કહે છે કે ત્રણ થોય શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજીએ કાઢી છે એ વાત બિલકુલ અસત્ય છે.

અમદાવાદમાં એક સમય એવો હતો કે જ્યાં થરાદ નિવાસી-ઓની સંખ્યા અત્યંત થોડી હતી. પરન્તુ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ પ્રભુ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિશ્વરજી મહારાજની પરમ કૃપા દષ્ટિ અને એમના ઉપરની અટૂટ શ્રદ્ધાએ સંઘની વૃદ્ધિ કરી અને વર્તમાનમાં સંઘના ભાઈઓની ખૂબ સારી સ્થિતિ છે.

સં. ૧૯૯૪ની સાલમાં અહીં વસતા ભાઈઓએ 'શ્રી થરાદ જૈન યુવક મંડળ'ની સ્થાપના કરી અને મંડળના ઉપક્રમે ધાર્મિક પ્રવૃત્તિઓ અવાર નવાર થતી રહેતી હતી. ખાસ કરીને પર્યુષણ પર્વની આરાધના સામૂહિક સંઘ સ્વરૂપે કરવાની મંડળની પ્રવૃત્તિ અને લક્ષ્ય દર વર્ષે રહેતું હતું.

વર્ષો વીતતા ગયા અને મંડળના આગેવાનોએ ત્રિસ્તુતિક સંઘનો ઉપાશ્રય બાંધવાનો નિર્ણય કર્યો. રતનપોળ, હાથીખાનાના ચોકઠામાં જમીન લેવામાં આવી.

પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યતીન્દ્ર સૂરિશ્વરજી મહા-રાજની પરમ કૃપા, પ્રેરણાથી શ્રી રાજેન્દ્રસૂરિ જૈન જ્ઞાનમંદિરની યોજના સાકાર અને સંપન્ન થઈ! ભવ્ય જ્ઞાન મંદિરનું નિર્માણ થયું. મુનિરાજ શ્રી જયવિજયજીના સાન્નિધ્યમાં તેનું ઉદ્ઘાટન થયું. અને તેઓશ્રીનું મુનિ શ્રી પુન્યવિજયજી સહિત અહીંયા ચોમાસું થયું. એ સિવાય મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મ., મુનિરાજ શ્રી દેવેન્દ્રવિજયજી તેમ જ સાધ્વીજી શ્રી મુક્તિશ્રીજી, લલિતશ્રીજી, લાવણ્યશ્રીજી, સ્વયંપ્રભાશ્રીજી આદિ સાધ્વીજી મહારાજનાં ચોમાસાં થયાં. જેમની પ્રેરણાથી ધર્મ કાર્યની વૃદ્ધિ થતી રહી છે.

પૂજ્ય ગુરુદેવ પ્રભુ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરિશ્વરજી મહારાજના નામમાં એવો અદ્ભુત ચમત્કાર છે જેનું વર્ણન મારાથી થઈ શકે તેમ નથી. અમદાવાદમાં વસતા થરાદવાળા ભાઈઓ તેમ જ ખુદ અમદાવાદમાં વસતા ભાઈઓ ગુરુદેવને વિરલ વિભૂતિ તરીકે માને છે.

વર્તમાનાચાર્યદેવ શ્રીમદ્ વિજય વિદ્યાચન્દ્ર સૂરિશ્વરજી મહારાજની પ્રેરણા અને આદેશાનુસાર શ્રીસંઘ દિવસે દિવસે પ્રગતિ પ્રયાણ કરતો રહે એ જ મંગળકામના છે.

સંઘના આગેવાનોમાં સંઘવી ગગલદાસ હાલચંદની સેવાઓ ઉલ્લેખનીય છે.

☆ ☆ ☆



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org